

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બે વર્ષ વચનમાં ગયાં, બે વર્ષ સપનામાં -*
*હવે એક વર્ષ જશે લૂલા બચાવની લપમાં,*
*આવ્યું ન કૈં ખપમાં, મનની વાત વાત રહી મનમાં*
*ન દીધી, ન પીધી, ચા-વાળાની 'ચા' રહી કપમાં*

### હાઈકુ

*શબ્દો નો જાદુ*
*ભાષણોની ભૂરકી -*
*પ્રજા મોહિત...*

*કાઢયાં સસલાં -*
*ને બેન્કમાંથી નોટો*
*છે ! જાદુગર...*

### ચિંતન

**સરગ નરક ચર-અચર લોક બહુ,**
**બસત મધ્ય મન તૈસે**

**ઉપરોક્ત સાખી અરણ્યકાંડમાંથી લેવામાં આવેલ છે.**

**સ્વર્ગ, નર્ક, ચર, અચર અને ઘણાંયે લોક આ મનમાં રહે છે. મનના પ્રતાપથી જીવ સ્વર્ગ-નરકાદિમાં જઈ શકે છે.**

**જેમ લાકડામાં કોતર્યા વિના મૂર્તિ પહેળેથી જ હોય છે. તેમ મનમાં અનેક પ્રકારના શરીર લીન રહે છે. જે સમય પ્રાપ્ત થતાં પ્રકટ થઈ જાય છે. આ ચૈતન્યના વિલાસરૂપ જગતનું સત્ય - સત્વ પરમાત્માને સમજતાં સમજતાં સમજાઈ જશે.**

**સુખ-દુઃખ, શાંતિ-પીડા, ટાઢ - તડકો બધું મનને થાય છે 'શરીર'ને નહીં પણ આપણે 'તન' શરીરને જ મન આત્મા સમજી એ આપણા વિચારમાં ભેળવી નાહક દુખી થઈએ છીએ ઠેંસ લાગે અંગૂઠાને લાગે લોહી નીકળે - દવાથી તેના સમયે રૂઝાઈ જાય એમાં અંગૂઠો પકડી રડવા ન બેસાય....**

### સુવિચાર

- બડી અજીબ હૈ તું જીંદગી !! ગરીબોં કે ઉન મહેંલો કે સપને દિખાતી હૈ...
  જીનમેં અમીરો કો નીંદ નહીં આતી હૈં - **સંતોષ દેવકર**
- શોધવાથી કયાં જડું છું, આયના સાથે લડું છું,
  અનુભવના લઈ ટાંકણા, જાતને મારી ઘડું છું - **સલીમ શેખ**
- કોઈને શ્રદ્ધા નથી ભીતર બેઠેલા રામ પર, એટલે જ મંદિરોમાં લાંબી કતારો હોય છે - **રાકેશ સાગર**
- દુનિયાની કોઈ પણ વસ્તુ તમને ગમે તેટલી કિંમતી લાગે, પણ ઈશ્વર તરફથી મળેલ શાંતિ, ઊંઘ અને આનંદ જેટલી કિંમતી એક પણ વસ્તુ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણામાં આપણે જ ન હોઈએ તો પછી દર્પણ શું કામ જોઈએ - **સ્નેહા પટેલ**
- મુશ્કેલ પરિસ્થિતિઓમાં સંઘર્ષ કરતી વખતે, એક બહુમૂલ્ય સંપત્તિ વિકસીત થાય છે
  જેનું નામ છે 'આત્મબળ'- **પ્રેમ સુમેસરા**
- આજનું ઔષધ : જામફળના કૂમળા પાન ચાવવાથી મોઢાની દુર્ગંધ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંસારમાં બનતું બધું જ મિથ્યા છે, અસત્ય છે. આપણે ખોટી-મોહ માયામાં ફસાઈને સર્વસ્વ ગુમાવી રહ્યા છીએ. અસત્યને સત્ય માનીને જીવીએ છીએ.

એક સંત હતા તેઓ કાયમ ખુશમિજાજ જ રહેતા હતા. તેમના ચહેરા પર કયારેક કંટાળો કે ક્રોધની રેખા દેખાતી જ નહીં. એક દિવસ તેમના શિષ્યોએ તેમના ચહેરા પર ઉદાસી જોઈ. શિષ્યોને આશ્ચર્ય થયું એક શિષ્યે સંતને પૂછ્યું, 'ગમે એવી મુશ્કેલીઓ આવે પણ અમે તમને કદી ઉદાસ જોયા નથી. એવું તો શું બન્યું છે કે આજે તમે દુઃખી દેખાઈ રહ્યા છો ?'

સંતે કહ્યું, 'હું ખરેખર ગુંચવણ અનુભવી રહ્યો છું અને મનોમન ખૂબ મુંજાઈ રહ્યો છું,' 'શિષ્યે કહ્યું, આ તો આશ્ચર્યની વાત છે કે અમે કોઈ પણ સમસ્યા લઈને આપની પાસે આવીએ છીએ ત્યારે તમે તેનું ઉત્તમ નિરાકરણ લાવો છો અને આજે તમે જ સમસ્યાની ઘેરાયેલા છો ?' અમને તમારી સમસ્યા જણાવો.'

સંતે કહ્યું, 'ગઈકાલે રાત્રે મેં એક સ્વપ્ન જોયું જેમાં હું એક પતંગિયું બનીને ફૂલોની આસપાસ ઉડી રહ્યો હતો. હવે મને એવું થાય છે કે સ્વપ્નમાં હું પતંગિયું બની ગયો હોઈશ તો શું કોઈ પતંગિયાને પણ સ્વપ્ન આવે અને તે પોતે માણસ બની જાય એવું બની શકે ? પરંતુ આને સત્ય કોણ માનશે ?' શિષ્યને સંતની વાત સમજાઈ નહીં આથી તેણે વધુ સ્પષ્ટતા કરવા કહ્યું.

સંતે જણાવ્યું 'આપણે બહાર જે જોઈએ છીએ તે ખુલ્લી આંખના સ્વપ્નમાં જછે આંખો બંધ કરતાં આપમે બીજી દુનિયામાં પહોંચી જઈએ છીએ. ખુલ્લી આંખે જ જોઈએ છીએ તે આપણને સત્ય લાગે છે. ખરેખર તો તે પણ સ્વપ્નવત જ હોય છે. આ દુનિયા બહુ માયાવી છે. અહીં કંઈ જ સાચું નથી. બધું સ્વપ્ન છે. બધુ અસત્ય છે. ખરું સત્ય તો સત્કર્મ જ છે.'

# ચૂંટણીના ભાષણોની શરુઆત

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસનનાં ચાર વર્ષની સૌથી મોટી ઉપલબ્ધિ એ બતાવી છે કે એમના વહીવટ જનમત અનુસાર ચાલ્યો છે. સોનિયા ગાંધીનું સરનામું ૧૦, જનપથ છે. દિલ્હીમાં ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન સુધીના વિશાળ રાજમાર્ગનું નામ જનપથ છે અને એને ક્રોસ કરતો બીજો ધોરી માર્ગ જનપથ છે, જે સરકારી બંગલાઓ ઉપરાંત જનપથ માર્કેટના કારણે જાણીતો છે. જનમત એ જનપથની તુકબંધી મોદીના શાયરાના મિજાજની ફલશ્રુતિ છે. પરંતુ એમનું શાસન જો ખરેખર જનમત મુજબ ચાલતું હોય તો આટલી કાળઝાળ મોંઘવારી હોત ખરી ? પેટ્રોલ-ડિઝલ ભડકે બળે છે અને બેરોજગારીએ તથા બાબુઓના ભ્રષ્ટાચારે માઝા મૂકી છે છતાં મોદી રોમ ભડકે બળી રહ્યું છે ત્યારે નીરોનો રાજાપાઠ ભજવી રહ્યા છે. તેઓ આકાશી ખ્યાલોમાંથી નીચે ઊતરવા જ નથી માગતા. સરહદો પર સતત ટેન્શન વધી રહ્યું છે. અર્થનીતિ સદંતર નિષ્ફળ રહી છે. ખેડૂતોની જિંદગી દોહ્યલી બની ગઈ છે. કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી વાજ આવેલી પ્રજાએ મોદીમાં તારણહાર દેખાતો હતો. મોદીએ એમને મળેલી કુદરતી બક્ષિસ જેવી વાક્છટાના જોરે ચૂંટણી પ્રચાર દરમિયાન સતત જુમલાબાજી ઝીંક્યે રાખી છે. ગ્રાઉન્ટ રિયાલિટી શું છે ? લોકોનું જીવનધોરણ સુધર્યું છે ખરું ? ઉદ્યોગપતિઓ જરૂર વિશ્વના માલેતુજારોની હરોળમાં આવી ગયા છે પણ મોદી શાસને એમણે પાણીના ભાવે જમીનો પધરાવી છે. અબજોની બેન્ક લોકો લઈને મોદીના મળતિયાઓ દેશ છોડી ગયા છે. મોટા ઉપાડે ચીન અને પાકિસ્તાનને નિયંત્રણમાં રાખવાની ગુલબાંગો ફેંકી હતી તે નર્યા જુઠ્ઠાણાં સાબિત થઈ છે. પોતાના કોઈ પ્રધાન પર ભ્રષ્ટાચારનો આરોપ નથી લાગી શક્યો એમ કહેનારા વડાપ્રધાન રાફેલ ડીલમાં શું તથ્ય છે એનો જવાબ નથી આપી શક્યા. મોદીની સૌથી મોટી મર્યાદા એ છે કે તેઓ પોતાને રાજા હરિશ્ચંદ્રનો અવતાર ગણે છે. ભ્રષ્ટાચારીઓ ડરના માર્યા એક મંચ પર ભેગા થયા એવો આક્ષેપ કરતાં પહેલાં તેઓ ભૂલી જાય છે કે કર્ણાટકમાં ભેગા થયેલા પ્રાદેશિક પક્ષોના ઘણા બધા નેતાઓના ટેકાથી જ ભાજપને ગત લોકસભામાં ભવ્ય વિજય થયો હતો. એ જ ચંદ્રાબાબુ નાયડુનાં વખાણ કરતાં મોદી થાકતા ન હતા. જે કોઈ એનડીએ છોડીને બહાર નીકળે છે તે એમની દૃષ્ટિએ ભ્રષ્ટાચારી બની જાય છે! જનમત અને જનપથ જેવા પ્રાસાનુપ્રાસથી ભોળી પ્રજા લાંબો વખત છેતરાશે કે કેમ તે પ્રશ્ન છે. પરંતુ એક વાત નક્કી છે કે મોદીના પગ નીચેથી ધરતી સરકી રહી છે. છેલ્લા શસ્ત્ર તરીકે અલબત્ત હિંદુત્વનું ટ્રમ્પ કાર્ડ એમણે છાતીવગું રાખ્યું જ છે. પ્રજા એનાથી કેટલી વાર છેતરાવું પસંદ કરશે તે પ્રશ્ન જ છે.

# ન્યાયતંત્ર ઉપર રાજતંત્રનો દબાવ એ લોકતંત્ર માટે ખતરો



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ભારતનું ન્યાય તંત્ર પણ વિધાયીકા અને નગરપાલિકા બનવાની સરૂ રાહ જોઈ રહ્યું છે. આ વાસ્તીકતા છે રાજ તંત્રનો ન્યાય તંત્ર ઉપર દબાવ એ લોક તંત્ર માટે ખતરા રૂપ છે. ચાર ન્યાયાધિશોએ સર્વોચ્ચ ન્યાયલયના ન્યાયાધિશ સામે પોતે દબાણમાં કાર્યકરતા હોય તે રીતે પ્રશ્ન ઉભો કર્યો. ભારતીય સ્વતંત્રતામાં સૌ પ્રથમ વખત ન્યાય તંત્ર આટલું લાચાર નજરે આવ્યું. લોક તંત્રનો મજબુત સ્તંભ એ ન્યાય તંત્ર છે. રાજય તંત્રએ ઘડેલા કાયદાનું પાલન કરાવવાનું કામ ન્યાયપાલિકાનું છે અને જો કોઈ કાયદો તોડે તો સજા કરવાનું કામ ન્યાય તંત્રનું છે. ન્યાય તંત્ર કેવી રીતે કાર્ય કરવું એ રાજ તંત્રએ સલાહ આપવાની હોતી નથી પરંતુ રાજ તંત્ર કેવી રીતે ચલાવવું, પ્રજાના આમ પ્રશ્નોને કેવી રીતે ઉકેલવા રાજયની સુરક્ષા, શાંતિ અને સલામતી કેવી રીતે જાળવવા એ સૂચના રાજ તંત્રને આપી ભૂલ હોય તો કાન પકડાવવાનું કામ દેશની સર્વોચ્ચ ન્યાયાલયનું છે. આજે પણ આમ જનતાનો લોક તંત્ર ઉપર વિશ્વાસ કાયમ હોય તો તે ન્યાય તંત્રને કારણે છે.

આજે ન્યાયપાલિકાની આઝાદિ ઉપર હુમલો થઈ રહ્યો છે. વિપક્ષ સાશક પક્ષ ઉપર દબાવ લાવી ધાર્યુ કરાવવા રાજ તંત્રનો આશરો લઈ લોક તંત્રના નામે ન્યાય તંત્ર ઉપર યેનકેન કબજો જમાવવા પ્રયત્ન કરે છે. રાજયોના પ્રશ્નો હોય તો રાજય તંત્ર, રાજકારણ રમે તે સ્વાભાવિક છે. મતોની વોટ બેન્કને સાચવવા સાશક, વિપક્ષ બન્ને સામસામે આક્ષેપ કરે તે સ્વાભાવિક પ્રક્રિયા છે પરંતુ વિપક્ષ આ માટે ન્યાય તંત્ર ઉપર અવિશ્વાસ મુકી મહાભીયોગ જેવી પ્રક્રિયા હાથ ધરી સાશક પક્ષ તથા ન્યાય તંત્રને દબાવામાં લઈ ધાર્યુ કરવાના પ્રયત્નો કરે ત્યારે લોક તંત્રનો પાયો હલતો નજર આવે છે.

તાજેતરમાં ન્યાયપાલિકા ઉપર વિપક્ષો દ્વારા પ્રહાર કરવામાં આવતા ન્યાયપાલિકા ઉપર આમ જનતાનો વિશ્વાસ ન્યાયપાલિકા ઉપરથી ડગ ગયો. ભારતમાં પ્રણાલી છે કે સુપ્રિમ કોર્ટના જન્મોની સુચિ કેન્દ્ર સરકારની મંજુરીથી નિર્ણય થાય છે. જે સહિ સુપ્રિમકોર્ટના જજની નિમણુંક કેન્દ્ર સરકારની મંજુરીથી નિર્ણય થાય છે જે યાદીનમા સુપ્રિમ કોર્ટના જજશ્રી દ્વારા અમાન્ય કરવાનો વિશેષાધિકાર સુપ્રિમના ચિફ જજ ધરાવે છે.

ભારતમાં રામ મંદિર બાબરીદ્વસનો કેસ કેટલાય વર્ષોથી સુપ્રિમમાં અનિર્ણય પડેલ છે. દેશની નીચલી કોર્ટોમાં ૭૦ વર્ષથી આ મામલો અટકેલ છે. રાજકારણના સ્વાર્થમાં વોટ બેન્કની લાલચમાં કોઈપણ પક્ષના આ નિર્ણય લેવડાવવા બાધાઓ નાખ્યા કરે છે.

ન્યાયપાલિકા સાક્ષી, દસ્તાવેજો, પ્રમાણપત્રો, ઐતિહાસીક તથ્યોના આધાર ઉપર કામ કરે છે તેમાં રાજકિય પક્ષોની દરમ્યાનગીરીથી પર રહે છે. તેમ છતાં યેનકેન રીતે આવા ઐતિહાસીક નિર્ણય સુપ્રિમ કોર્ટમાં લેવામાં રાજકિયપક્ષો બાધાઓ ઉભી કરતા જ રહે છે.

આવાજ મામલા રાજકિય મંત્રીઓના ભ્રષ્ટાચારની બાબતમાં સુપ્રિમમાં અનિર્ણય પડેલ છે. આરોપી રાજ નેતાના મૃત્યુ ના થાય ત્યાં સુધી યેનકેન રીતે આવા કેસો આગળ ચલાવવા જ ના દેવાય તેવા કારસા ઘડાય છે અને કાયદાની ટેકનિકલ બાબતોનો ભરપુર લાભ લેતા રહી જામીન ઉપર મુક્ત ફરતા રહે છે. જેનાથી આમ જનતાનો ન્યાયપાલિકા ઉપરથી ન્યાય મેળવવાની જગ્યાએ જતુ કરી સમાધાન વૃત્તી આચારી યેનકેન પ્રકારે કોર્ટે ચઢવાનું ટાળે છે.

રામ મંદિર મુદ્દે સુપ્રિમ કોર્ટમાં અસંબધીત લોકો દ્વારા પીટીશનમાં પક્ષકાર તરીકે ઉમેરવા અરજ દાખલ કરવી સુનવણી જલ્દી કરાવવા યેનકેન પ્રકારે જજ ઉપર દબાણ કરવા તથા જે લોકોને રામ મંદિર બાબરી મસ્જીદ કેસમાં લેવા દેવા ના હોય તેમને પક્ષકાર તરીકે જોડવા મીડીયા દ્વારા ટ્રાયલ ચલાવી એકતરફી અનુમાનો કરવા માટેનું આખુ કાવત્રુ રાજનેતાઓ દ્વારા પાર પાડવામાં આવી રહ્યું છે. જેમા ન્યાય તંત્ર ફકત મુક પ્રેક્ષક બની જોઈ રહે તેવી સ્થિતિનું નિર્માણ રાજ તંત્ર દ્વારા કરાવવામાં આવે છે. ગેર પક્ષકાર દ્વારા વખતોવખત વિવાદિત જમીન છોડી દેવા ધાર્મિક સ્થળ તેજ જગ્યાએ બનાવવાની પ્રતિબધ્ધતા દેખાડવા જેવા ખોટા કામોને સર્વોચ્ચ અદાલત દ્વારા લગાતાર સહન કરવામાં આવે છે જેમાં ઉચ્ચ અદાલતના સર્વોચ્ચ જજ ઉપર મહાભિયોગ પ્રસ્તાવ લાવવા સુધીના તરકટ રચવામાં આવે છે. આવો મામલો રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ દરમ્યાનગીરી કરે તેવી રજુઆતો કરી ન્યાય તંત્ર ઉપર દબાણ લાવવા પ્રયાસો કરવામાં આવે છે જે લોકશાહિનું ચિરહરણ છે.

તેજ રીતે ન્યાયાધિશ પ્રશાંતભુષણ હત્યાના મામલે ન્યાઈક તપાસ પુરી થઈ હોવા છતા ફરી પુનઃ તપાસ કરી સ્થાપિત હિતો દ્વારા પોતાને યોગ્ય હુકમ મેળવવા હાઈકોર્ટમાં પબ્લીક લીટીગેશન કરાવવાનો મામલો હોય જેમાં અરજદારને ખોટી પીટીશન કરવા બદલ ૨૫ લાખનો દંડ ભરવા હુકમ થતા સર્વોચ્ચ અદાલતનો સમય બગાડતા અટકાવવાના પ્રયાસને બિરદાવવાના બદલે વગોવવાના પ્રયત્નો

અનુસંધાન પાના નં ૭ પર

# ધબકી રહેલ માણસો અમને ગમ્યાં નથી; પથ્થર બનાવી પૂતળાંઓ ખોડીએ છીએ



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

એવુંય બને,
હું મારું દ્વાર ખોલું અને તારું ઘર મળે,
કોઈ દિવસ એવુંય બને.

- 'ચિરાગ' ભટ્ટ

આપણને સૌને એક એવી વ્યક્તિની જરૂર છે કે કહ્યા વિના જ આપણી તમામ તકલીફોને સમજી શખે. કોઈ એવું હોય કે જે મન અને આત્મા સાથેનું અનુસંધાન સાધી શકે. જે સંવેદનશીલ જીવ હોવાની સાથે તાર્કિક તથા તિક્ષ્ણ અને વેધક વાણી પણ રાખી જાણતા હોય. આવું જ વ્યક્તિત્વ વિનોબા ભાવેનું રહ્યું. આધ્યાત્મની સાથોસાથ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવનાર, ગહન ચિંતન કરનારા વિનોબાજી પ્રાર્થના વિષેની અને ગાંધીજી વિષેની બે વાત ખરેખર વાંચવા, જાણવા, સમજવા અને વિચારવા જેવી છે :

**'પ્રાર્થનામાં વિવેક'**

સ્નાન, ભોજન અને નિદ્રા એ ત્રણેયની જે ખૂબીઓ છે, તે પ્રાર્થનામાં છે. ઊંઘથી શરીરને આરામ અને ઉત્સાહ મળે છે, એવી રીતે પ્રાર્થનાથી મનને આરામ અને ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે; પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, તો મનની શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. શરીર રોજ મેલું હોય છે, તેથી રોજ સ્નાન કરાવવું પડે છે. એવી જ રીતે મનને પણ રોજ સાફ રાખવું પડે છે અને મનને માટે ઉત્તમ સ્નાન પ્રાર્થના છે.

સર્વોત્તમ પ્રાર્થના મૌન છે. તેમ છતાં માણસને ઈશ્વરે જીભ આપી છે, તેથી માણસ જીભનોય ઉપયોગ કરી લે છે.

'કુરાન' હોય કે 'બાઈબલ' હોય, 'ગીતા' હોય કે સંતજનોનાં ભજન હોય - તેનો આપણે પ્રાર્થનામાં ઉપયોગ કરીએ છીએ. આપણી ભાવના પ્રગટ કરવા માટે આપણે સંતોની વાણીનો, ધર્મગ્રંથો વગેરેનો સહારો લઈએ છીએ. એ બધી વાણી વરસોથી ઘૂંટાતી આવી છે, અને તેથી તેમાં તાકાત છે. 'મર્દનં ગુણવર્ધનમ્.' વરસોથી ઘૂંટાતી આવી હોવાને કારણે તે વાણીની પોટેન્સી ઘણી વધી ગઈ હોય છે.

એ વાણીનો મર્મ આપણામાં આત્મસાત્ થતો રહેવો જોઈએ. પ્રાર્થના પોપટપાઠ જેવી ન બનવી જોઈએ. પ્રાર્થના બોલાય, જે ભજનો વગેરે ગવાય, તેનું અર્થ-ચિંતન પણ ચાલતું રહેવું જોઈએ. અર્થ-ચિંતનની સાથોસાથ તેનો જીવનમાં અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ. આમ થાય છે, ત્યારે જ પ્રાર્થનાની શક્તિનોયે આપણને અનુભવ થાય છે.

બીજી એક વાત તરફ પણ આપણું ધ્યાન જવું જોઈએ.પ્રાર્થનામાં આપણે જે ભજનો ગાતા હોઈએ છીએ, તેના અર્થનીયે બારીક પરીક્ષા અને છણાવટ થવી જોઈએ. સામાન્ય રીતે આજે જે ભજનો રૂઢ થઈ ગયાં છે, તે બધાં અનુભવની તેમજ વિચારની કસોટીએ ખરાં જ ઊતરે છે, એવું નથી. દાખલા તરીકે, કબીરના ભજનમાં આવે છે કે 'યા જગ મેં કોી નહીં અપના.' આ વિચાર આપણા સમાજમાં બહુ ફેલાઈ ગયો છે. ખરું જોતાં, આ સંકુચિત ને સ્વાર્થી વલણ છે.

ભલે ને આ બધાં ભજનો કોઈ ને કોઈ સંત પુરુષનાં હોય, છતાં વિવેકપૂર્વક પસંદગી કરવાનું કામ આપણું છે. વૈરાગ્યની ખોટી વ્યાખ્યા, પરમાર્થનો ખોટો અર્થ, દુર્બળ નિષ્ક્રિયતા, ચિંતન માટે પ્રતિકૂળ એવાં ઈશ્વરનાં વ્યર્થ વિશેષણો વગેરે કેટલીયે ખોટી બાબતો આપણા લોકોમાં રૂઢ થઈ ગઈ છે. તે બધી બાબતોનું સંશોધન થાય, તે જરૂરી છે.

**'નાની નાની વાતો'**

નાની નાની વાતોમાં પોતાની વાતનો આગ્રહ ન રાખવો. હાં, જ્યાં ન્યાય કે સત્યની વિરુદ્ધ કાંઈ થતું હોય તો તેનો જરૂર વિરોધ કરવો. બાકી, સામાન્ય વાતોમાં આપણો આગ્રહ ન રાખવો. જે માણસ વારંવાર પૈસા ખર્ચ્યા કરે છે, તેની બધી પૂંજી ઝટ ખલાસ થઈ જાય છે. તો આગ્રહશક્તિ પણ માણસની પૂંજી છે, તેને નાની નાની બાબતોમાં ખરચી નાખવાની નથી. તેને તો મોટા કામ માટે, કયારેક સત્યનો આગ્રહ કરવો પડે, સત્યાગ્રહ કરવો પડે, તે માટે સાચવી રાખવાની છે. એટલે સામાજિક કામ કરનારાઓએ પોતાના મત માટે નિરાગ્રહની વૃત્તિ ખાસ કેળવવી જોઈએ.

આની સાથોસાથ આપણી સંસ્થાઓનાં કામ સર્વસંમતિથી ચાલે, એવીયે આપણી કોશિશ રહે. સમૂહ ભેગો થાય ત્યારો આખા સમૂહનો એક જ વિચાર હોય, એવું બનવાનું નહીં. બધાના વિચારો તો ભિન્ન ભિન્ન રહેશે. પરંતુ તેમાંથી માર્ગ કાઢવો અને સર્વસંમતિથી નિર્ણય કરવો, એ લોકશાહી માટે જરૂરી છે. કયારેક બહુ મોટા મતભેદ ઊભા થાય ત્યારે પણ કોઈ લવાદ પાસે મૂકીને તેનો ફેંસલો કરવાની પ્રથા રાખવી જોઈએ.

એક એવી માન્યતા રૂઢ થઈ ગઈ છે કે આપણે પોતાને માટે પરિગ્રહ ન કરીએ, પણ સંસ્થા માટે કરી શકીએ. આવો વિચાર-દોષ ઘણી બાબતમાં જોવા મળે છે. જેમ કે એક વ્યક્તિ માટે હિંસા કરવી ઉચિત નથી એમ સહુ માનશે, પરંતુ સમાજ માટે ને રાષ્ટ્ર માટે હિંસા કરવામાં પાપ નહીં માને. એવી રીતે સંસ્થા માટે પરિગ્રહ કરવામાં વાંધો નથી, એમ મોટે ભાગે મનાતું આવ્યું છે.

એક દાખલો લઈએ. હું જોતો કે ચરખા સંઘના પૈસા બેન્કમાં પડ્યા રહેતા, જેનું વ્યાજ તેને મળતું. હવે, વિચાર કરીએ કે આ વ્યાજ કયાંથી મળે છે ? આપણા મૂકેલા પૈસા બેન્ક બીજા ધંધાદારીઓને આપે છે, એમની પાસેથી વ્યાજ લે છે, અને પછી એ આવકમાંથી આપણને થોડુંક વ્યાજ આપે છે. એટલે એ બધા વેપારધંધામાં આપણા પૈસા રોકાય છે. એ બધા ધંધા આપણી સંસ્થાના ઉદ્દેશને અનુરુપ જ હોય, એવું ન પણ બને. કદાચ આપણાથી સાવ વિરુદ્ધના ઉદ્દેશ માટે એ વેપારધંધા ચાલતા હોય, એવુંય બને. આ એક પ્રકારનો ધનલોભ જ છે, જે આપણી સંસ્થાના ઉદ્દેશથી વિપરીત કામમાં સીધી કે આડકતરી રીતે આપણને સામેલ કરે છે. તેથી, પરિગ્રહ સંસ્થઆને નામે થતો હોય તો પણ તે ખોટો છે, અને તેમાંથી બચવું જોઈએ.

**Last Seen :**

ધબકી રહેલ માણસો અમને ગમ્યાં નથી;
પથ્થર બનાવી પૂતળાંઓ ખોડીએ છીએ.

- કરસનદાસ લુહાર

- nehalgadhavi101@gmail.com

# ભારતીય સનદી સેવામાં કેડર ફાળવણીમાં વીંછીનો દાબડો ખોલાયો



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કંઈક નવું કરવાની ધગશ કાયમ રહે છે : કેન્દ્રના મંત્રી અને જવાહરલાલ નેહર યુનિવર્સિટી(જેએનયુ)ના કુલપતિ રહેલા પ્રાધ્યાપક યોગીન્દર કે.અલઘના વડપણ હેઠળ બે દાયકા પહેલાં એક સમિતિ ભારતીય સનદી સેવા(આઈએએસ) માટેની પરીક્ષાઓની સમીક્ષા કરવા માટે નિયુક્ત કરાઈ હતી. છેક ઑક્ટોબર ૨૦૦૧માં જેનો અહેવાલ સુપરત કર્યો હતો, એ અલઘ સમિતિના અહેવાલ પરથી ધૂળ ઉડાડવાનું કામ વડા પ્રધાન કાર્યાલયે હમણાં કર્યું. ૧૭ મે ૨૦૧૮ના રોજ ભારતીય ઉચ્ચ અધિકારીઓ વિષયક જવાબદારી સંભાળતા મંત્રાલય (ડીઓપીટી)ના સંયુક્ત સચિવ વિજય કુમાર સિંહે વિવિધ મંત્રાલયોને લખ્યું કે અત્યારે જે રીતે સનદી સેવામાં કેડરની ફાળવણી કરવામાં આવે છે,એની પદ્ધતિ બદલીને આઈએએસમાં પસંદ થયેલા ઉમેદવારોને તાલીમી અભ્યાસક્રમ(ફાઉન્ડેશન કોર્સ) પૂરો કરે અને એમાં તેમની આવડતને આધારે અખિલ ભારતીય સેવાઓમાં સંબંધિત અધિકારીઓની ફાળવણી આ વર્ષથી જ કરવાની ઈચ્છાને ચકાસી જોવી.અત્યારે અખિલ ભારતીય સનદી સેવાઓમાં ક્રમ અનુસાર કેડરની ફાળવણી કરવાની પરંપરા છે. છેક ૧૯૪૬માં સરદાર વલ્લભભાઈ પટેલે સ્વતંત્ર ભારત માટે અંગ્રેજ





શાસનકાળ દરમિયાનની આઈસીએસ અને આઈપી જેવી આઈએએસ(ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) અને આઈપીએસ (ઈન્ડિયન પોલીસ સર્વિસ) સહિતની દેશી સનદી સેવાઓ શરૂ કરવાનું બીડું ઝડપ્યું ત્યારથી કેડરની ફાળવણી અને રાજ્યોની ફાળવણીની પ્રથા

- **સત્તર વર્ષ પહેલાંના અલઘ સમિતિના અહેવાલની ભલામણોને અમલમાં લાવવા પીએમઓની ઉતાવળ**
- **પ્રત્યેક સુધારાનો વિરોધ થતો હોય છે એટલે વિરોધ સામે ઝૂકી જવાને બદલે યોગ્ય સુધારા કરવા જોઈએ**
- **ભારતીય સનદી સેવાના સંસ્થાપક સરદાર પટેલને અભિપ્રેત બ્યૂરોક્રસી ખરા અર્થમાં દેશની કસ્ટોડિયન હતી**
- **આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં ૩,૦૦૦ જેટલા આઇએએસ સેવામાં હતા, હવે ૬,૦૦૦થી વધુ સંખ્યા થઇ છે**

રેક્ક અનુસારની રહી છે.

બ્રિટિશ શાસન અને સ્વશાસનમાં સનદી સેવા




બ્રિટિશયુગની સનદી સેવાની તુલનામાં સ્વતંત્રતા પછીની ભારતની સનદી સેવાઓ અગાઉના લાટ સાહેબોના વ્યવહારને બદલે પ્રજાની સુખાકારીના રાષ્ટ્રીય ખ્યાલને કેન્દ્રમાં રાખીને કામ કરે, એવું ભારતીય સનદી સેવાના જનક સરદાર પટેલને અભિપ્રેત હતું.અનુભવ જરા નોખો રહ્યો.ગોરા સાહેબો ગયા અને બ્રાઉન સાહેબો આવ્યા,એવી અનુભૂતિ સાથે જ રાજનેતાઓના ઈશારે દેશ હિતના આ કસ્ટોડિયન સ્વની સેવામાં વધુ રમમાણ રહેવા માંડ્યા એટલે વિવિધ તબક્કે ભારત સરકાર અને સંઘ લોકસેવા આયોગ (યુપીએસસી) થકી વિવિધ હેતુ માટે કોઠારી સમિતિ,સતીશ ચંદ્ર સમિતિ,વાય.કે.અલઘ સમિતિ,આનંદકૃષ્ણન સમિતિ,ભટ્ટાચાર્ય સમિતિ,એસ.કે.ખન્ના સમિતિ,નિગવેકર સમિતિ,પુરુષોત્તમ અગ્રવાલ સમિતિ અને બસ્વાન સમિતિની નિમણૂકો કરવામાં આવી હતી.જોકે આ સમિતિઓના અહેવાલોની ભલામણોને અમલમાં લાવવાની બાબતમાં કેન્દ્ર સરકાર કાયમ ગોકળગાયની ગતિએ આગળ વધતી રહી છે. સમયાંતરે તમામ સરકારો થકી દુનિયાભરમાં આવેલાં પરિવર્તનોને અનુરૂપ સનદી સેવામાં જોડાયેલા અધિકારીઓને તાલીમ આપવા અને તાજા ઘટનાક્રમથી વાકેફ રાખવા માટે સતત પ્રયત્નો થતા રહ્યા છે.ભારતીય સનદી સેવાના અધિકારીઓને મસૂરી કે હૈદરાબાદ જ નહીં,દેશની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ્સ ઑફ મૅનેજમેન્ટ(આઈઆઈએમ) તથા વિદેશોની પ્રસિદ્ધ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ અને તાલીમ માટે મોકલાતા રહ્યા છે. હવે જમાનો સ્પેશિયલાઈઝેશનનો હોવાથી તથા કેટલાક કિસ્સાઓમાં સનદી અધિકારીઓએ આત્મહત્યાઓ કરી હોવાના કિસ્સા ધ્યાને આવતાં અલઘ સમિતિએ આ બંને બાબતોને ધ્યાને લઈને ઑગસ્ટ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી ભારે જહેમત ઊઠાવીને ઑક્ટોબર ૨૦૦૧માં રજૂ કરેલા ૨૬૭ પાનાંના અહેવાલમાં કેટલીક ભલામણો કરીને કેડર ફાળવણી બાબત નવી પદ્ધતિ સૂચવી હતી.એમાં ફાઉન્ડેશન કોર્સ દરમિયાન સંબંધિત અધિકારીના રસ અને વલણ અંગે એની સમીક્ષા કરીને એની યોગ્યતા મુજબની કેડર તેમને ફાળવવામાં આવવાની બાબત સૂચવાઈ હતી.

જૂના- નવા સનદી અધિકારીઓના મિશ્ર પ્રતિભાવ

હજુ તો વડા પ્રધાન કાર્યાલયના રાજ્ય પ્રધાન ડૉ.જીતેન્દ્ર સિંહના વિભાગે સંબંધિત ભલામણને ચકાસી જોવાનો પત્ર બધા મંત્રાલયોને પાઠવ્યાને સપ્તાહ પણ નહોતું થયું,ત્યાં કાગારોળ મચી કે આ તો કમિટેડ બ્યૂરોક્રસી તૈયાર કરવાની મોદી સરકારની મંશા દર્શાવે છે.ઘણા નિવૃત્ત સનદી અધિકારીઓએ તો ખુલ્લો વિરોધ કર્યો,કેટલાકે દબાયેલા સ્વરે. કેન્દ્ર સરકારની જરૂરિયાત મુજબની જગ્યાઓ માટે, કટ-ઑફ માર્કની ઉપર આવનારા લિખિત મેઈન્સ પરીક્ષા અને મૌખિક ઈન્ટર્વ્યૂમાં સફળ રહેલાઓમાંથી,અનામત શ્રેણીની ગણતરી કરીને, સામાન્ય રીતે રેન્કમાં સૌથી ઉપલા ક્રમે આવે એ સફળ ઉમેદવારોને આઈએએસમાં સામેલ કરાય છે અને રાજ્યની ફાળવણી કરવામાં આવે છે. કેટલાકને જે રાજ્યમાં એ સેવામાં ના જવું હોય તો એ પછીના ક્રમે આવતા આઈપીએસમાં જે તે રાજ્યમાં જવાની તક મળે છે. ૧૯૯૦ સુધી ટોચના સ્પર્ધકોને વિદેશ સેવા (ઈન્ડિયન ફોરેન સર્વિસ)માં જવાની તકનું આકર્ષણ રહેતું. હવે આઈએએસ ટોચના ક્રમે છે.એ મળે, એ પછીના ક્રમે આવનારાઓને આઈપીએસ તથા કેન્દ્રીય સેવાઓમાં રેવન્યૂ સેવામાં કે ડિફેન્સ સેવામાં કે પછી વન સેવામાં તક મળે. નવી વ્યવસ્થામાં નીચલી રેન્કના અનુકૂળ કે અપનેવાલે ગણાતા અધિકારીઓને સારી કેડર અપાવાની ધાસ્તી સેવાઈ રહી છે.કેટલાકે તો મોદી સરકારના આ પગલાને કહ્યાગરી બ્યૂરોક્રસી તૈયાર કરવા ભણીનું પગલું પણ ગણાવી દીધું.હજુ તો છાસ છાગોળે, ભેંસ ભાગોળે અને ઘરમાં ધમાધમ થઈ રહી છે.

અનુસંધાન પાના નં ૭ પર